INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી — તા. ૨૦-૦૪-૨૦૨૨

દાહોદ ખાતે સરકારી તિજોરીના પ્રજાના પરસેવાના ટેક્ષના કરોડો રૂપિયાના ખર્ચે ઊત્સવો તાયફા કરનાર **ભાજપા આદિવાસી સમાજના લાખો પરિવારને શિક્ષણ, આરોગ્ય, ઓળખ, રોજગાર સહિત જીવન જીવવાના અધિકારથી વંચિત રાખી રહી** હોવાના આક્ષેપ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્ય પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ગુજરાત એસ.ટી.ની કુલ ૮૦૦૦ જેટલી બસોની ૪૦,૦૦૦ જેટલી ટ્રીપો માંથી દાહોદ ખાતેના **ભાજપાના પ્રચાર કાર્યક્રમ માટે ૨,૮૦૦ બસો રાતોરાત ફાળવી દેવામાં આવી એટલે કે સમગ્ર રાજ્યની કુલ એસ.ટી. બસોની ૩૦ ટકા બસો ફાળવતા રાજ્યના ગ્રામ્ય વિસ્તારની ૧૦,૦૦૦ જેટલી ટ્રીપો રદ કરી દેવામાં આવી**. કહેવાતા વિકાસના પ્રચાર કાર્યક્રમથી ધોમધખતા તાપમાં ગ્રામ્ય વિસ્તારના હજારો મુસાફરોની હાલાકીમાં ભાજપ સરકારે પારાવાર ઉમેરો કર્યો છે. **અંબાજી થી ઉમરગામ પૂર્વ પટ્ટીના ૮૦ લાખ કરતા વધુ આદિવાસી પરિવારોને રોજગારનો અધિકાર છીનવી લેવામાં આવ્યો છે.** મનરેગા યોજનામાં મોટા પાયે ગેરરીતિ - ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે. ૧૦૦ દિવસના રોજગારની બાંહેધરી આપતા મનરેગામાં માત્ર ૧૯ થી ૨૪ દિવસ જ રોજગારી અપાઈ જેમાં વેતન પણ ઓછુ અપાઈ રહ્યું છે.

**૨૦૦ કરોડ રૂપિયાના સરકારી ખર્ચે મોટા-ભપકાદાર કાર્યક્રમોને બદલે આદિવાસી વિસ્તારમાં ૨૦,૦૦૦ હેન્ડપંપ પીવાના પાણી માટે ઊભા કરી શકાય, મરામત કરી શકાય, ૫૦૦૦ શાળાના ઓરડા બાંધી શકાય, ૨૦,૦૦૦ ઓરડા રીપેર કરી શકાય, ૧૫૦૦ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બનાવી શકાય, ૫૦૦૦ આરોગ્ય કેન્દ્રને રીપેર કરી શકાય, ૧૦,૦૦૦ આંગણવાડીને યોગ્ય કક્ષાએ સુંદર બનાવી શકાય,** આદિવાસી સમાજના બાળકોને શિક્ષણ, આરોગ્ય સેવા અધિકાર આપવાને બદલે **ભાજપા માત્રને માત્ર સત્તાલક્ષી પ્રચાર ઉત્સવમાં જ સરકારી ખર્ચે કાર્યક્રમો કરે તે કેટલે અંશે વ્યાજબી ?**

પ્રધાનમંત્રીના ૧૮ એપ્રિલના રોજ વિદ્યા શિક્ષણ કેન્દ્રમાં આપેલી સલાહ કે શિક્ષકો વર્ગખંડમાં વાસ્તવિક શિક્ષણ આપે. ૪૮ કલાકમાં આ સૂફિયાણી સલાહની જેમ દાહોદ ખાતે સંમેલનમાં ભીડની ગણત્રી, એસ.ટી. બસની વ્યવસ્થા જેવી શિક્ષણ સિવાયની જવાબદારી ફરજિયાત શિક્ષકોને સોંપવામાં આવી. **શું આ રીતે વિદ્યા સમીક્ષા થશે ? શું આ રીતે ભણશે ગુજરાત ?** શિક્ષણના અધિકાર કાયદા (RTE) ની કલમ ૨૭ નો સ્પષ્ટ પણે જેમાં શિક્ષકોને શિક્ષણ સિવાયની કામગીરી સોંપવી નહિ તેનું ઉલ્લંઘન છે.

પીવાનું પાણી, શિક્ષણ, આરોગ્ય સહિત પાયાની સુવિધાથી વંચિત દાહોદ સહિતના આદિવાસી વિસ્તારોને અન્યાય કરનાર ભાજપ સરકાર જવાબ આપે કે બે વર્ષ પહેલા ૨૮,૦૦૦ કરોડ ના વિકાસ કાર્યની જાહેરાત, આજે ૨૦,૦૦૦ કરોડના વિકાસ કાર્યોની જાહેરાતો બીજીબાજુ આદિવાસી ભાઈ-બહેનો માટેના ટ્રાઈબલ સબ પ્લાનના નાણાં કેમ અન્ય હેતુ માટે વપરાઈ રહ્યા છે ? **૮૦ લાખ આદિવાસી ભાઈ-બહેનો ભાજપ સરકાર પાસેથી જવાબ માંગે છે.**

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા